### ધો.10ના પેપરમાં મેપ આધારીત પ્રશ્નો ખુબ જ સરળ રીતે પુછવામાં આવ્યા

# સામાજિક વિજ્ઞાનના પેપરમાં કેસ સ્ટડી રીલેટેડ પ્રશ્નો વિદ્યાર્થીઓને ટ્રીકી લાગ્યા

**ટેક્સબુક** તથા કોન્સેપ્ટચ્યોઅલ તૈયારી કરી હશે તેવા વિદ્યાર્થીઓને પેપર ખુબજ સરળ લાગ્યું

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

ગુજરાત બોર્ડ સીબીએસઈ બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે. શનિવારે સીબીએસઈ ધો.10માં સામાજિક વિજ્ઞાન અને ગુજરાત બોર્ડની પરીક્ષામાં ધો.12નું અંગ્રેજી પ્રથમ ભાષાનું પેપર વિદ્યાર્થીઓએ આપ્યું હતું. બંને વિષયોના પેપર ટેક્સબુક આધારિત અને મધ્યમ રહેતા વિદ્યાર્થીઓ નિર્ધારિત સમયમાં સમગ્ર પેપર પૂર્ણ કરી શક્યા હતા.

સીબીએસઈ ધોરણ 10નું સામાજિક વિજ્ઞાનનું પેપર સરળ તથા કોન્સેપ્ટચયોલ હતું. પેપરમાં MCQ ખુબ જ સરળ હતા. એજ્યુકેશન એક્સપર્ટ નિરવ જોષીએ જણાવ્યું હતું કે, આજના પેપરમાં કેસ સ્ટડી રીલેટેડ પ્રશ્નો વિદ્યાર્થીને ટ્રીકી લાગ્યા હતા. જે વિદ્યાર્થીઓએ NCRT તથા PYQ સારી રીતે તૈયારી કરી હશે તે વિદ્યાર્થીઓને આ પેપર ખુબ જ સરળ લાગ્યું હતું. સેક્શન A ખુબ જ સરળ રીતે પુછવામાં આવ્યું હતું. જ્યારે, સેક્શન B ઘણા બધા વિદ્યાર્થીઓને થોડો મોડરેટ લાગ્યો, પણ ઓવર ઓલ આ સેક્શન પણ સરળ હતું. મેપ આધારીત પ્રશ્નો ખુબ જ સરળ રીતે પુછવામાં આવ્યા હતા. આજના પેપરમાં જોઈન્ટ ફોરેસ્ટ મેનેજમેન્ટ જેવા સરળ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. જે વિદ્યાર્થીએ ટેક્સબુકને તથા કોન્સેપ્ટચયોલ તૈયારી કરી હશે તે વિદ્યાર્થીઓને આ પેપર ખુબ જ સરળ લાગ્યું. પરંતુ આખા વર્ષ દરમિયાનમાં ઓછી તૈયારી કરી હશે તેઓને આ પેપર સરળ તો લાગ્યું હશે. પરંતુ સાથે સાથે આ પેપર એમને થોડું ટ્રીકી તથા મોડરેટર લાગ્યું હશે.

**અંગ્રેજીનાં પેપરમાં વુમન એમ્પાવરમેન્ટ, ગ્લોબલ વોર્મિંગ જેવા પ્રશ્નો પૂછાયા**

ગુજરાત બોર્ડ ધોરણ 12 સામાન્ય પ્રવાહમા અંગ્રેજીનું પેપર અતિ સરળ રહ્યું. સેક્શન A ની અંદર વધારે પડતા પ્રશ્નો ગ્રામરને લગતા પૂછવામાં આવ્યા. વોકેબ્યુલરી ટેક્સ બુક કોમ્પ્રિહેન્શન જેવા પ્રશ્નો સરળતાથી વિદ્યાર્થીઓ લખી શક્યા.સેક્સન Bમાં રિપોર્ટ રાઇટીંગ, ઈમેલ, એપ્લિકેશનમાંથી પૂછવામાં આવ્યા હતા. લોંગ અને શોર્ટ ક્વેશ્ચન ટેક્સ બુકમાંથી પૂછવામાં આવ્યા,સેક્શન C અને સેક્શન Eમાં ઈડીટીંગ, સેન્ટેન્સ ટ્રાન્સફોર્મેશન વગેરે પ્રશ્નો પૂછવામાં આવ્યા, જ્યારે, સેક્શન Dમા ડુ એઝ ડાયરેક્ટ જેવા પ્રશ્નો પણ સરળ રહ્યા. સેક્શન E ની અંદર કોમન ટોપીક જેવા કે વુમન એમ્પાવરમેન્ટ, ગ્લોબલ વોર્મિંગ, સ્ટ્રેસ મેનેજમેન્ટ , સોશિયલ અવેરનેસ જેવા પ્રશ્નો પૂછવામાં આવ્યા. જે વિદ્યાર્થીઓને લખવામાં ઘણા સરળ રહ્યા. - **રવિ વઢવાણા,** એજ્યુકેશન એક્સપર્ટ

## કારેલીબાગ સ્થિત મંડળી માટે ફડચા અધિકારીની કાયમી નિમણૂંક

(પ્રતિનિધિ) વડોદરા તા.7

કારેલીબાગ સ્થિત સ્નેહસુધા કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ અંગે જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસિંગ), વડોદરાની કચેરી દ્વારા અંતિમ હુકમ જાહેર કરવામાં આવ્યો છે. આ હુકમ મુજબ સોસાયટી માટે અગાઉ નિમણૂંક કરાયેલા સહકારી અધિકારી ફડચા નં. ૪ને ફડચા અધિકારી તરીકે કાયમી નિમણૂંક આપવામાં આવી છે.

જિલ્લા રજિસ્ટ્રારના હુકમ અનુસાર ફડચા અધિકારીએ મંડળીની ફડચાની સમગ્ર કાર્યવાહી ત્રણ વર્ષની સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. આ સાથે જ ફડચા અધિકારીએ મંડળીનો તમામ હવાલો તાત્કાલિક પોતાના કબ્જામાં લઈ મંડળીના દેવા-લ્હેણાંની સંપૂર્ણ ખાતરી કરવાની રહેશે.

હુકમ મુજબ સૌપ્રથમ સરકારી બાકી લ્હેણાં, ઓડિટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ તેમજ શેરફાળાની ચૂકવણી કરવાની કાર્યવાહી હાથ ધરવા સૂચના આપવામાં આવી છે.

# આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે "Women of the Moment - Season 4"નું આયોજન

**સાંસદ** ડો. હેમંગ જોષી અને VMC કમિશનર અરુણ મહેશ બાબુ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત




(પ્રતિનિધિ) વડોદરા તા.7

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે રેડિયો મિર્ચી 98.3 અને ઈવા મોલ દ્વારા Vasu Healthcare તથા Rasa by Chakabhaiના સહયોગથી *"Women of the Moment - Season 4"*નું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા ત્રણ વર્ષથી ચાલતી આ પહેલ વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિ મેળવનારી મહિલાઓની પ્રેરણાદાયી સફરને ઉજવણી કરવા માટે સમર્પિત છે.

આ વર્ષની થીમ "Celebrating Her Spirit. Shaping Her Journey." રાખવામાં આવી હતી. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વડોદરાની ઉદયમાન મહિલા ખેલાડીઓની સિદ્ધિઓને માન આપવાનો હતો. કાર્યક્રમની શરૂઆત 6 માર્ચે "Play. Connect. Celebrate." થીમ સાથે યોજાયેલી Housee Eveningથી થઈ, જેમાં શહેરની મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. 7 માર્ચે યોજાનારી Felicitation Night દરમિયાન વિવિધ રમતોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર મહિલા ખેલાડીઓનું સન્માન કરવામાં આવશે. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે સાંસદ ડૉ. હેમંગ જોષી તથા Guest of Honour તરીકે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર અરુણ મહેશ બાબુ (IAS) ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે જિલ્લા રમતગમત અધિકારી દિનેશ કદમ, રાજકુવરદેવી ગાયકવાડ, શ્રેયા ભાવેશ પટેલ અને ડિગ્નિશા ડોનિલ પટેલ (Eva Mall), હાર્દિક ઉકાણી (Managing Director - Vasu Healthcare), કિન્નરી હરિયાણી (Charge Zone) તેમજ તન્વી શાહ (Owner - Rasa by Chakabhai) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે ઈવા મોલના જી.એમ. ભરતસિંહ ભાટી અને માર્કેટિંગ હેડ નેહા મારવાનો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો. આ કાર્યક્રમ દ્વારા વડોદરાની મહિલા ખેલાડીઓની પ્રતિભા અને મહેનતને માન આપી તેમને આગળ વધવા માટે પ્રેરણા આપવાનો પ્રયાસ કરાયો છે.

### 'એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ' પર વડોદરામાં રાષ્ટ્રીય સેમિનાર યોજાયો

# વિકસિત ગુજરાત @2047 માટે ટેકનોલોજી આધારિત ઉત્પાદન જરૂરી : એસ. અપર્ણા

**ઉદ્યોગોમાં** AI, IoT અને ડિજિટલ ટેકનોલોજીના ઉપયોગ પર નિષ્ણાતો દ્વારા ચર્ચા કરાઈ



(પ્રતિનિધિ) વડોદરા તા.7

ગુજરાતને ઉન્નત ઉત્પાદન (Advanced Manufacturing) ક્ષેત્રે વૈશ્વિક સ્તરે અગ્રેસર બનાવવા માટે ગુજરાત રાજ્ય ટ્રાન્સફોર્મેશન ઈન્સ્ટિટ્યૂટ (GRIT) અને ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GIDC) ના સંયુક્ત ઉપક્રમે વડોદરામાં એક દિવસીય રાષ્ટ્રીય સેમિનાર યોજાયો હતો.

આ પ્રસંગે GRIT ના CEO એસ. અપર્ણાએ જણાવ્યું કે "વિકસિત ગુજરાત @2047"ના લક્ષ્યને હાંસલ કરવા માટે રાજ્યને પરંપરાગત ઉત્પાદનથી આગળ વધીને ઉચ્ચ મૂલ્ય ધરાવતા ઉત્પાદનો અને ટેકનોલોજી આધારિત ઉત્પાદન તરફ આગળ વધવું પડશે. તેમણે ઈન્ડસ્ટ્રી 4.0 ના એકીકરણ, કૌશલ્ય વિકાસ અને ટેકનોલોજી અપગ્રેડેશનને મહત્વપૂર્ણ ગણાવ્યા હતા. વડોદરાના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ જણાવ્યું કે ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (DFC) અને હાઈ-સ્પીડ રેલ કોરિડોર જેવા પ્રોજેક્ટ્સ વડોદરાને ઉદ્યોગો માટે મહત્વપૂર્ણ કેન્દ્ર બનાવશે.

KPMG ના ભાગીદાર અભિષેક ગુપ્તાએ AI, મશીન લર્નિંગ, IoT અને ડિજિટલ ટ્વિન્સ જેવી ટેકનોલોજી દ્વારા ઉત્પાદન ક્ષમતા અને ખર્ચ કાર્યક્ષમતામાં વધારો શક્ય હોવાનું જણાવ્યું. સેમિનારમાં GE Aerospace, L|T, MG India અને Honeywell સહિતના ઉદ્યોગ નિષ્ણાતોએ ગ્લોબલ ટ્રેન્ડ્સ અને માનવ મૂડી વિકાસ પર ચર્ચા કરી હતી. કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર અનિલ ધામેલિયા, GIDC ના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ભરત જોશી તેમજ ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

# આજે 55 આત્મનિર્ભર મહિલાઓનો સન્માન સમારંભ યોજવામાં આવશે

**ગુજરાતી** સાહિત્ય પરિષદ ખાતે સંઘર્ષગાથા પુસ્તકનું લોકાર્પણ અને કવયિત્રી સંમેલન

**વિવિધ** ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર બહેનોને એવોર્ડ

(પ્રતિનિધિ) અમદાવાદ તા.7

હ્યુમન કેર ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા વિશ્વ નારી દિવસ નિમિત્તે ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે રવિવારે બપોરે 1 વાગ્યે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના પ્રમુખ ઉન્નતિ શાહના નેતૃત્વમાં યોજાનારા આ કાર્યક્રમમાં સમાજમાં સંઘર્ષ કરીને વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરનાર 55 બહેનોની સંઘર્ષગાથાઓ પર આધારિત પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવશે.

આ પ્રસંગે 55 બહેનોને 'આત્મનિર્ભર નારીશક્તિ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવશે અને સાથે કવયિત્રી સંમેલનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. એવોર્ડ સમારંભમાં અમદાવાદ ઉપરાંત પંચમહાલ, મહીસાગર, વડોદરા, સાબરકાંઠા અને રાજકોટ જેવા વિસ્તારોમાંથી તેમજ મધ્યપ્રદેશના રતલામથી પણ બહેનો ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત સરકારના IAS અધિકારી પ્રકાશ મકવાણા, આસિસ્ટન્ટ GST કમિશનર યેશાજી સોલંકી, પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા, જાણીતા સાહિત્યકાર અને લેખક રમેશ ચૌહાણ તથા ડૉ. વૈશાલી ધોળકિયા હાજરી આપશે અને મહિલાઓને એવોર્ડ તથા માર્ગદર્શન આપશે.

એવોર્ડ મેળવનાર બહેનોમાં શિક્ષણ, આયુર્વેદ, વાસ્તુ-જ્યોતિષ, ગૃહઉદ્યોગ, સૌંદર્ય પ્રસાધનો અને ખાદ્ય ઉત્પાદનો જેવા વિવિધ ક્ષેત્રોમાં પોતાની મહેનતથી આત્મનિર્ભર બનેલી મહિલાઓનો સમાવેશ થાય છે. આયોજકોના જણાવ્યા મુજબ ગુજરાતમાં સૌપ્રથમ વખત આ પ્રકારનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

### ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ લીલી ઝંડી આપી

# પાદરાથી માતાના મઠ (કચ્છ) સુધી નવી બસ સેવાની શરૂઆત કરાઈ



(પ્રતિનિધિ) પાદરા તા. 7

પાદરા તાલુકાની મુસાફર જનતાની લાંબા સમયથી ચાલતી લોક લાગણી અને માંગણીને ધારાસભ્યની રજૂઆત ધ્યાનમાં રાખીને પાદરા એસ.ટી. ડેપો દ્વારા પાદરા થી માતાના મઠ (કચ્છ) સુધીની નવી બસ સેવા આજ રોજ શરૂ કરવામાં આવી છે. આ નવીન રૂટનું વિધિવત્ ઉદ્ઘાટન માન્ય ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા દ્વારા લીલી ઝંડી બતાવીને કરવામાં આવ્યું હતું.

પાદરા તાલુકાના મુસાફરોને કચ્છ જિલ્લાના પ્રખ્યાત તીર્થસ્થળ માતાના મઠ સુધી સીધી બસ સેવા મળે તે માટે ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાશ્રી દ્વારા ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ સમક્ષ રજુઆત કરવામાં આવી હતી. તેમની આ રજુઆત અને મુસાફરોની લાગણીને માન આપતા એસ.ટી. વિભાગ દ્વારા આ નવી બસ સેવા શરૂ કરવામાં આવી છે, જેના કારણે પાદરા તથા આસપાસના વિસ્તારના મુસાફરોને મોટી સુવિધા પ્રાપ્ત થશે. આ પ્રસંગે વિભાગીય નિયામક શ્રી જે.એન. પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમના માર્ગદર્શન હેઠળ બસને લીલી ઝંડી આપી આ રૂટનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કિરણસિંહ પઢીયાર, પાદરા નગર ભાજપા તાલુકા પ્રમુખ દીપેશભાઈ પંચાલ, પાદરા નગરના કોર્પોરેટર નયન ભાવસાર, કિશનભાઈ જોષી અને જય ગાંધી સહિત સ્થાનિક આગેવાનો હાજર રહ્યા હતા. ઉપરાંત પાદરા ડેપોના સુપરવાઈઝર, ટ્રાફિક સ્ટાફ, વર્કશોપ સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં મુસાફર જનતા ઉપસ્થિત રહી હતી. નવી શરૂ કરાયેલી આ બસ સેવા અનુસાર પાદરા થી માતાના મઠ માટે બસ સવારે ૦૬:૩૦ કલાકે પાદરા થી ઉપડશે અને રાત્રે ૨૦:૧૫ કલાકે માતાના મઠ પહોંચશે. જ્યારે માતાના મઠથી પાદરા માટે બસ સવારે ૦૬:૩૦ કલાકે ઉપડશે અને રાત્રે ૨૦:૧૫ કલાકે પાદરા પહોંચશે.

# જિલ્લામાં બે દિવસમાં 1681 તરુણીને સર્વાઈકલ કેન્સર પ્રતિરોધી રસી મૂકાઈ

**જિલ્લા** આરોગ્ય તંત્ર દ્વારા 14 વર્ષની તમામ તરુણીઓને સર્વાઇકલ કેન્સરથી સુરક્ષિત કરવા અભિયાન

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા જિલ્લાની તરુણીઓને ભવિષ્યમાં સર્વાઈકલ કેન્સર સામે સુરક્ષા પ્રદાન કરવા માટે આરોગ્ય તંત્ર દ્વારા આવેલા રસીકરણ ઝૂંબેશ પૂરજોશમાં ચાલી રહી છે. તે અંતર્ગત વડોદરા જિલ્લામાં બે દિવસમાં ૧૬૮૧ તરુણીઓને એચવીપી રસી આપવામાં આવી છે.

સર્વાઈકલ કેન્સર એ સ્ત્રીઓમાં ગર્ભાશયના નીચલા ભાગ (સર્વિક્સ/ગ્રીવા) માં થતું કેન્સર છે, જે મુખ્યત્વે હ્યુમન પેપિલોમા વાયરસના લાંબા ગાળાના ચેપને કારણે થાય છે. તે શરૂઆતના તબક્કામાં લક્ષણો વગર પણ હોઈ શકે છે. પરંતુ પછીથી અસામાન્ય બ્લીડિંગ અને દુઃખાવા સાથે જોવા મળે છે.

વડોદરા જિલ્લામાં અંદાજિત ૧૦,૧૩૮ કિશોરીઓને એચ.પી.વી. વેક્સિન આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.. એચપીવી રસીકરણ અભિયાન અને સાવચેતી અંતર્ગત સ્ટ્રેટેજિક એક્શન પ્લાન અંતર્ગત લાભાર્થીઓની ઓળખમાં ૧૪ વર્ષની વય ધરાવતી તમામ કિશોરીઓનો હેડ કાઉન્ટ સર્વે કરી યાદી તૈયાર કરવામાં આવી છે. શાળા બહારની કિશોરીઓનું પણ અભિયાનમાં આવરી લેવામાં આવશે. શિક્ષણ વિભાગ સાથે સંકલન કરીને નોડલ શિક્ષક દ્વારા નિયત વયની કિશોરીઓની યાદી આરોગ્ય વિભાગને આપવામાં આવશે. ખાનગી શાળાઓ પણ અભિયાનમાં જોડવામાં આવી છે. મુખ્ય જિલ્લા આયોગ્ય અધિકારી ડો. મિનાક્ષી ચૌહાણે જણાવ્યું કે, ગત તા. ૨૮ના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા અભિયાનનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. વડોદરા જિલ્લામાં તા. ૫ અને તા. ૬ એમ બે દિવસના આંકડા જોઈએ તો કુલ ૧૯૮૧ તરુણીઓને એચપીવી રસી મૂકવામાં આવી છે.

## સૈનિકોના સંતાનો માટે સુરતમાં કુમાર છાત્રાલયમાં પ્રવેશ શરૂ

(પ્રતિનિધિ) સુરત તા.7

પૂર્વ સૈનિકો તેમજ સ્વર્ગસ્થ પૂર્વ સૈનિકોની ધર્મપત્નીઓના સંતાનો માટે સુરત ખાતે આવેલ ગૌરવા સેનાની ભવનમાં સૈનિક કુમાર છાત્રાલય શરૂ કરવામાં આવ્યું છે. સુરત શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં ધોરણ 8 અથવા તેથી ઉપરના ધોરણમાં નિયમિત અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ છાત્રાલયમાં રહેવા તથા જમવાની સુવિધા આપવામાં આવશે.

છાત્રાલયમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક પૂર્વ સૈનિકોના સંતાનોના માતા-પિતાએ સંબંધિત કચેરીનો રૂબરૂ સંપર્ક કરી પ્રવેશ ફોર્મ મેળવવાનું રહેશે અને તે તાત્કાલિક જમા કરાવવાનું રહેશે.

વધુ માહિતી માટે ઈચ્છુકોએ ટેલિફોન નંબર 0261-2913820 અથવા 9426802820 પર સંપર્ક કરી શકે છે. સૈનિકોના સંતાનોને અભ્યાસ માટે અનુકૂળ પરિસ્થિતિ અને રહેવાની સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુથી આ પહેલ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

# "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત ગુમ થયેલા 16 મોબાઈલ પરત કરાયા



(પ્રતિનિધિ) છોટાઉદેપુર તા.7

"તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત ગુમ થયેલ ૧૬ એન્ડ્રોઈડ મોબાઈલ ફોન જેની કુલ કિ.રૂ.૨,૬૬,૨૮૫/- ના શોધી કાઢી અરજદારોને પરત આપતી છોટાઉદેપુર પોલીસ. છોટાઉદેપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એ.આર.પ્રજાપતિ સર્વેલન્સ સ્ટાફ તથા IT EXPERT ટીમને અરજદારોના ગુમ થયેલ મોબાઈલ શોધી કાઢવા જરુરી માર્ગદર્શન અન્વયે CEIR પોર્ટલની મદદથી નાગરીકોના ગુમ થયેલ કુલ ૧૬ એન્ડ્રોઈડ મોબાઈલ ફોન જેની કુલ કિ.રૂ.૨,૬૬,૨૮૫/-નો મુદ્દામાલ અરજદાર/મુળ માલીકોને આજરોજ પરત કરવામાં આવ્યા હતા. પોલીસ પ્રજાનો મિત્ર છે તે સાબિત કરી પ્રસંશનીય કામગીરી કરવામાં આવી હતી.

## વડોદરામાં 20મી આર. એમ. હલવાઈ શૂટિંગ સ્પર્ધાનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા તા.7

ધ રાઈફલ શૂટિંગ એસોસિએશન ઓફ વડોદરા દ્વારા 20મી આર. એમ. હલવાઈ શૂટિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા 6 માર્ચથી 9 માર્ચ 2026 દરમિયાન વડોદરા મહાનગરપાલિકાના VMSS આઉટડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, માંજલપુર ખાતે યોજાઈ રહી છે.

વડોદરા રાઈફલ કલબના માર્ગદર્શન હેઠળ યોજાતી આ સ્પર્ધામાં વિવિધ કેટેગરીના શૂટર્સ ભાગ લેશે. સ્પર્ધા દરમિયાન જુનિયર, સિનિયર તેમજ વિવિધ વય જૂથોના ખેલાડીઓ પોતાની પ્રતિભા દર્શાવશે. આ શૂટિંગ સ્પર્ધાનો હેતુ શહેર અને રાજ્યના યુવા ખેલાડીઓને શૂટિંગ રમત તરફ પ્રોત્સાહિત કરવાનો તેમજ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓ માટે પ્રતિભાશાળી ખેલાડીઓ તૈયાર કરવાનો છે. આ પ્રસંગે શૂટિંગ ક્ષેત્ર સાથે જોડાયેલા કોચ, ખેલાડીઓ અને રમતપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહન આપશે.

### "આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ" ઉજવણી અંતર્ગત કાર્યક્રમ

# 10મીએ મહિલા આયોગ દ્વારા 'મહા જનસુનાવણી'નું આયોજન

**સર્કિટ** હાઉસ વડોદરા ખાતે યોજાનાર જનસુનાવણીમાં વોક-ઇન ફરિયાદો પણ સ્વીકારાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.7

એક મહત્વપૂર્ણ સંયુક્ત જનસંપર્ક પહેલ તરીકે રાષ્ટ્રીય મહિલા આયોગ દ્વારા રાજ્ય મહિલા આયોગના સહયોગથી આગામી ૧૦ માર્ચ ૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકથી બપોરે ૦૧.૩૦ કલાક દરમિયાન રાષ્ટ્રીય મહિલા આયોગ, નવી દિલ્હીના અધ્યક્ષ શ્રીમતી વિજયા રાહતકરના અધ્યક્ષસ્થાને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ઉપક્રમે મહિલાઓની સુરક્ષા, ગૌરવ અને ન્યાય પ્રાપ્તિ માટેની સંયુક્ત પ્રતિબદ્ધતાને મજબૂત બનાવવાના હેતુથી સર્કિટ હાઉસ, વડોદરા ખાતે 'મહા જનસુનાવણી'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ જનસુનાવણીનો હેતુ મહિલાઓને પોતાની ફરિયાદો રજૂ કરવા તથા સંસ્થાકીય સહાય મેળવવા માટે સીધું અને સરળ મંચ ઉપલબ્ધ કરાવવાનો છે. આ સંકલિત પ્રયત્ન હેઠળ ઘરેલુ હિંસા, કાર્યસ્થળે જાતીય સતામણી, માતૃત્વ લાભ, પરિત્યાગ, માનવ તસ્કરી (trafficking) તેમજ અન્ય જાતિ આધારિત અન્યાય અને હિંસા સંબંધિત ફરિયાદો સાંભળવામાં આવશે અને યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ જનસુનાવણીની મુખ્ય વિશેષતા સમયમર્યાદામાં ઝડપી ફરિયાદ નિવારણ પર કેન્દ્રિત છે. સંબંધિત મહિલા આયોગોના અધ્યક્ષશ્રીઓ અને સભ્યો, સ્થાનિક વહીવટી તંત્રના અધિકારીઓ, પોલીસ અધિકારીઓ, કાનૂની નિષ્ણાતો તથા પ્રોટેક્શન ઓફિસરોનો સમાવેશ કરતી વિશેષ બેઠકો દ્વારા ફરિયાદોની તાત્કાલિક સુનાવણી કરવામાં આવશે.

### છોટાઉદેપુર જિલ્લામાં પૂર્વ તૈયારી માટે બેઠક યોજાઈ

# ગાંધીનગર ખાતે 13 માર્ચે ભાજપ અનુસૂચિત જાતિ મોરચાનો "ઋણ સ્વીકાર" કાર્યક્રમ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર તા.7

ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા આવનાર ૧૩ માર્ચે ગાંધીનગર ખાતે "ઋણ સ્વીકાર" કાર્યક્રમ યોજાનાર છે. ગુજરાત સરકાર દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના વાલીઓ માટે આવક મર્યાદા રૂપિયા ૨.૫ લાખમાંથી વધારીને રૂપિયા ૬ લાખ કરવામાં આવતા આ નિર્ણય બદલ રાજ્ય સરકાર પ્રત્યે આભાર વ્યક્ત કરવા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે છોટાઉદેપુર જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાની અગત્યની બેઠક જિલ્લા કાર્યાલય ખાતે યોજાઈ હતી. આ બેઠક પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાના અધ્યક્ષ તથા પૂર્વ સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકીના માર્ગદર્શન અને સૂચના મુજબ યોજાઈ હતી.

બેઠકમાં પ્રદેશ તરફથી વક્તા તરીકે ભાજપ વડોદરા મહાનગર અનુસૂચિત જાતિ મોરચાના પૂર્વ પ્રમુખ એડવોકેટ હર્ષદ પરમાર હાજર રહ્યા હતા અને કાર્યકરોને માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત જિલ્લાના પૂર્વ પ્રમુખ અશોકભાઈ સોલંકી, જિલ્લા અનુસૂચિત જાતિ મોરચાના મહામંત્રી રાહુલ પરમાર, શહેર સંગઠનના પ્રમુખ અંકુરભાઈ પંચોલી, શહેર મહામંત્રી રાજેશભાઈ સોલંકી, મહામંત્રી ધનજીભાઈ રોહિત સહિત નગર અને જિલ્લાના અનેક અગ્રણીઓ બેઠકમાં




ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં આવનારા ૧૩ માર્ચે ગાંધીનગર ખાતે યોજાનારા "ઋણ સ્વીકાર" કાર્યક્રમમાં ગુજરાતભરના અનુસૂચિત સમાજના કાર્યકરો, અગ્રણીઓ અને પ્રબુદ્ધ નાગરિકો મોટી સંખ્યામાં ભાગ લેશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી. છોટાઉદેપુર જિલ્લામાંથી પણ અનુસૂચિત સમાજના આગેવાનો મોટી સંખ્યામાં હાજરી આપે તે માટે મોરચાની ટીમ દ્વારા આયોજન કરવામાં આવી રહ્યું છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા અનુસૂચિત જાતિ મોરચાના મહામંત્રી રાહુલભાઈ પરમારે કર્યું હતું.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરા ખાતે ક્રિયાત્મક યજ્ઞ અને મંત્રોચ્ચાર પ્રશિક્ષણ શિબિર યોજાઇ

(પ્રતિનિધિ) વડોદરા તા.7

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, વિંઝોલ- ગોધરાના અનુસ્નાતક સંસ્કૃત વિભાગ અને સંસ્કૃત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે ક્રિયાત્મક યજ્ઞ અને મંત્રોચ્ચાર પ્રશિક્ષણ શિબિરનું આયોજન કુલપતિ ડૉ. હરિભાઈ કાતરિયાના માર્ગદર્શન અને અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં પ્રાધ્યાપકો, શોધાર્થીઓ, વિદ્યાર્થીઓ અને સામાજિક લોકો જોડાયા હતા.

કુલપતિ પ્રો. ડૉ. હરિભાઈ કાતરિયાએ જણાવ્યું હતું કે "ભારતીય જ્ઞાન પરંપરામાં યજ્ઞનું ઘણું મહત્ત્વ છે. તેથી ભારતીય જ્ઞાન પરંપરાની જીવંત અનુભૂતિ કરવા માટે જે આયોજન કરવામાં આવ્યું છે તે પ્રસંશનીય છે. યુનિવર્સિટી ખાતે આ પ્રકારના આયોજન માટે મોકળું મેદાન આપવામાં આવશે" તેમ જણાવ્યું હતું.

આ શિબિરમાં આવેલા ગુજરાત



યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના ભૂતપૂર્વ નિયામક ડૉ. કમલેશ ચોક્સી દ્વારા મંત્રોચ્ચાર કરીને યજ્ઞનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પ્રાચીન લેખન પદ્ધતિ, ભોજપત્ર અને હસ્તપ્રત વિશે સમજૂતી આપી હતી.

આચાર્યા શીતલબેન દ્વારા શિબિરાર્થીઓને મંત્રોચ્ચારનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

યોગેશ વૈદિક દ્વારા યજ્ઞવિધિ શીખવવામાં આવી હતી. યજ્ઞ વિધિ શીખવતી વખતે યોગેશ વૈદિકજીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે "યજ્ઞએ પારસમણિ છે જેના દ્વારા શારીરિક અને માનસિક સમસ્યાનું નિરાકરણ થઈ શકે છે. જીવનને શ્રેષ્ઠ બનાવવા માટે યજ્ઞ પરંપરાનું પાલન કરવું આવશ્યક છે.' આ કાર્યક્રમમાં યજ્ઞમાં વપરાતી વિવિધ ઔષધીય ગુણોવાળી હવિ સામગ્રીનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું.

અનુસ્નાતક સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. ભાવપ્રકાશ ગાંધીએ જણાવ્યું હતું કે "યુનિવર્સિટીના ઈતિહાસમાં સૌ પ્રથમ આ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે તેથી ગૌરવની અને હર્ષની લાગણી અનુભવુ છું. વધુમાં તેમણે જણાવ્યું કે યજ્ઞને માધ્યમ બનાવીને જ શ્રી ગોવિંદ ગુરુજીએ સમાજ સુધારણા અને કુરિવાજોને દૂર કરવાનો પાયો નાખ્યો હતો'-એમ કહ્યું હતું.

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના સંસ્કૃત અભ્યાસક્રમ સમિતિના ચેરમેન પ્રોફેસર ડૉ. રાજેશભાઈ વ્યાસ અન્ય મહાનુભાવો સાથે યજ્ઞ આહુતિમાં જોડાયા હતા.

## શ્રી ગોવિંદ ગુરુ યુનિ.ખાતે "ભારતીય જ્ઞાન પરંપરા" વિષય ઉપર રાજ્ય કક્ષાનો સેમિનાર

(પ્રતિનિધિ) વડોદરા તા.7

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા ખાતે વિજ્ઞાન વિદ્યાશાખા અંતર્ગત રસાયણશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર વિભાગ દ્વારા તથા કે.સી.જી., ગાંધીનગરના પ્રમોશન ઓફ રિસર્ચ ફેસિલિટી હેઠળ તા.૦૭ માર્ચ, ૨૦૨૬ના રોજ "ભારતીય જ્ઞાન પરંપરા" વિષય પર એક દિવસીય સ્ટેટ લેવલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડૉ. હરિભાઈ કાતરીયાના માર્ગદર્શન અને અધ્યક્ષપણા હેઠળ યોજાયું. આ સેમિનારમાં યુનિવર્સિટીના અધ્યાપકો, સંલગ્ન કોલેજોના શિક્ષકો તથા અંદાજે ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સેમીનારના કન્વીનર તરીકે રસાયણશાસ્ત્ર વિભાગના પ્રો. એન્ડ હેડ ડૉ. જીગ્નેશ રાવલ તથા કો-કન્વીનર તરીકે ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. મૌનિક જાની કાર્યરત રહ્યા હતા.


**વડોદરા મહાનગરપાલિકા**

**પાણી અંગેની અગત્યની જાહેરાત**

આથી જાહેર જનતાને જણાવવાનુ કે, પાણી પુરવઠા શાખા હસ્તકની આજવા રોડ પાણીની ટાંકી ખાતે ૪૫૦ મી.મી. વ્યાસની મુખ્ય ફીડર નળીકામાં ફ્લોમીટર બેસાડવાની કામગીરી તા. ૧૦/03/૨૦૨૬ ના રોજ સવારના પાણી વિતરણ બાદ હાથ ધરવાનું આયોજન છે. જેથી આજવા રોડ પાણીની ટાંકી ખાતેથી પાણી મેળવતા વિસ્તારોમાં તા. ૧૦/03/૨૦૨૬ ના રોજ સાંજના તમામ ઝોનમાં વીલંબથી, ઓછા દબાણથી તથા ઓછા સમય માટે પાણી વિતરણ કરી શકાશે. સદર બાબતની આ તમામ વિસ્તારના નાગરીકોએ નોંધ લેવા તેમજ જરૂરીયાત મુજબ પાણીનો સંગ્રહ કરી સાથ સહકાર આપવા નમ્ર વિનંતી છે.

પી.આર.ઓ નં : ૧૨૭૭ /૨૦૨૫-૨૬ કાર્યપાલક ઈજનેર (પા.પુ.)